મત આપવા નોંધણી કરાવોમત

સૌથી સહેલો રસ્તો ઓનલાઇન મત આપવાનો છે.

**gov.uk/register-to-vote**

આપવા માટે નોંધણી કરવામાં થોડીજ મિનીટ લાગે છે. જો તમે નોંધાયેલ ન હોવ, તો તમે મત આપી શકશો નહીં.

જવાબ આપવા માટે કૃપા કરીને નીચેના વિકલ્પોમાંથી એક પસંદ કરો.

- **gov.uk/register-to-vote** ની મુલાકત લો, અથવા
- **02920 872087** પર કૉલ કરો, અથવા
- ફોર્મ ભરો અને પછી પૂરા **પાડવામાં આવેલા પરબિડીયામાં અમને પાછું પોસ્ટ** કરો (ટપાલખર્ચ મફત છે).

જ્યારે તમને મતદાર નોંધણીમાં ઉમેરવામાં આવશે ત્યારે અમે પુષ્ટિ કરીશું.

જો તમે વેલ્સના નિવાસી હોવ (સામાન્ય રીતે રહેતા હોવ) અને 14 વર્ષ કે તેથી વધુ ઉંમરના હો, તો તમે મતદાન માટે નોંધણી કરાવી શકો છો. તમે 16 વર્ષના ન થાઓ ત્યાં સુધી સ્થાનિક કાઉન્સિલ અથવા સેનેડ ચૂંટણીમાં મતદાન કરી શકશો નહીં અને તમે 18 વર્ષના ન થાઓ ત્યાં સુધી યુકે સંસદ અથવા પોલીસ અને ક્રાઇમ કમિશનર (PCC) ચૂંટણીમાં મતદાન કરી શકશો નહીં. તમે નીચેનામાંથી એક હોવા પણ આવશ્યક છે:

- બ્રિટિશ અથવા આઇરિશ નાગરિક
- કોમનવેલ્થ નાગરિક (માલ્ટિઝ અને સાયપ્રસ સહિત) જેમને યુકે, ચેનલ આઇલેન્ડ્સ અથવા આઇલ ઓફ મેનમાં પ્રવેશવા અથવા રહેવાની પરવાનગી છે, અથવા જેમને પરવાનગીની જરૂર નથી
- વિદેશી નાગરિક જેમને યુકે, ચેનલ આઇલેન્ડ્સ અથવા આઇલ ઓફ મેનમાં પ્રવેશવા અથવા રહેવાની પરવાનગી છે, અથવા જેમને પરવાનગીની જરૂર નથી
- યુરોપિયન યુનિયન (EU) નાગરિક.

યુકે, ચેનલ આઇલેન્ડ્સ અથવા આઇલ ઓફ મેન (જેને લીવ ટુ એન્ટર અથવા રેમેઇન પણ કહેવામાં આવે છે) માં પ્રવેશવાની અથવા રહેવાની પરવાનગી કાનૂની ઇમિગ્રેશન સ્ટેટ્સનો સંદર્ભ આપે છે.

**આ ફોર્મ મોટા અક્ષરોમાં અથવા અન્ય ફોર્મેટમાં મેળવવા માટે અમારો સંપર્ક કરો.**

**ઑનલાઇન જાઓ**
gov.uk/register-to-vote પર આ ફોર્મ ભરવાનુ ઝડપી અને સરળ છે.

# મત આપવા માટે નોંધણી કરો

## 1 તમારુ નામ અન સરનામુ

નામ

અટક

તમારું સરનામું

પોસ્ટકોડ

શું તમે પણ બીજા સરનામે રહો છો? કૃપા કરીને ટિક કરો. ☐ ના ☐ હા

જો હા, તો તમારે અત્યારે અમને આ સરનામું આપવાની જરૂર નથી પણ અમે પછીથી વધુ માહિતી માટે પૂછી શકીએ છીએ.

ફોન નં. (વૈકલ્પિક)

ઈમેઇલ (વૈકલ્પિક)

ઈમેઇલ એડ્રેસ અથવા ફોન નંબર આપવાથી તમારી એપ્લિકેશન વિશે તમારો સંપર્ક કરવાની ઝડપી અને સરળ રીત મળે છે.

જો અમારી પાસે છાપેલી માહિતી ખોટી છે, તો કૃપા કરીને તેને છેકીને સાચી માહિતી લખો.

## 2 છલ્લા 12 મહિનામા ઘર બદલ્ય છ?

કૃપા કરીને ટિક કરો. ☐ ના ☐ હા

જો હા, તો કૃપા કરીને પાછલા વર્ષ દરમિયાન તમે જ્યાં રહેતા હતા તે કોઈ અગાઉનું સરનામું આપો અથવા તમારી અરજીમાં વિલંબ થઇ શકે છે.

પોસ્ટકોડ

જો આ સરનામું વિદેશી હતું, તો શું તમે વિદેશી મતદાર તરીકે યુકેમાં નોંધાયેલા હતા? કૃપા કરીને ટકિ કરો. ☐ ના ☐ હા

## 3 તમારી રાષ્ટીયતા

(પૃષ્ઠ 4 પર વધ માહિતી)

કૃપા કરીને તમારી રાષ્ટ્રીયતા જણાવો. જો તમારી પાસે એક કરતાં વધુ રાષ્ટ્રીયતા હોય, તો કૃપા કરીને તે બધાનો સમાવેશ કરો.

(તમારી રાષ્ટ્રીયતા જાણતા નથી?
કૃપા કરીને વિભાગ 10 જુઓ).

## 4 તમારુ ઇમિગ્રેશન સ્ટટસ

(પૃષ્ઠ 4 પર વધ માહિતી)

**જો તમે નીચેના દેશોમાંથી એક EU ના નાગરિક હો, તો જ આ વિભાગ પૂર્ણ કરો:**
**ઑસ્ટ્રિયા • ચેક રિપબ્લિક • જર્મની • લાતવિયા • સ્લોવેકિયા • બેલ્જિયમ • એસ્ટોનિયા • ગ્રીસ • લિથુઆનિયા • સ્લોવેનિયા • બલ્ગેરિયા • ફિનલેન્ડ • હંગેરી • નેધરલેન્ડ • સ્વીડન • ક્રોએશિયા • ફ્રાન્સ • ઇટાલી • રોમાનિયા**

31 ડિસેમ્બર 2020 થી શું તમારી પાસે યુકે, ચેનલ આઇલેન્ડ્સ અથવા આઇલ ઓફ મેનમાં પ્રવેશવા અથવા સતત રહેવાની પરવાનગી છે કે પછી પરવાનગીની જરૂર નથી?

જો નીચેનામાંથી એક અથવા વધુ તમને 31 ડિસેમ્બર 2020ના રોજ અથવા તે પહેલાં લાગુ કરવામાં આવ્યું હોય અને વિરામ વિના ચાલુ રહ્યું હોય તો 'હા'માં જવાબ આપો:

- EU સેટલમેન્ટ સ્કીમ હેઠળ સ્થાયી અથવા પૂર્વ-સ્થાયી સ્ટેટ્સ, સિવાય કે જો તમે કૌટુંબિક સભ્ય સાથે જોડાવા તરીકે અરજી કરી હોય
- યુકે, ચેનલ આઇલેન્ડ્સ અથવા આઇલ ઓફ મેનમાં પ્રવેશવા અથવા રહેવાની અનિશ્ચિત અથવા મર્યાદિત પરવાનગી
- યુકે, ચેનલ આઇલેન્ડ્સ અથવા આઇલ ઓફ મેનમાં રહેતા પરંતુ ઇમિગ્રેશનના નિયંત્રણોમાંથી મુક્તિ.

જો પ્રશ્નનો તમારો જવાબ 'હા' છે અને તમે તમારા ઇમિગ્રેશન સ્ટેટ્સની શરતો હેઠળ માન્ય હોય તેવા સમયગાળા માટે યુકેમાંથી ગેરહાજર છો, તો તમારે હજુ પણ 'હા' વિકલ્પ પર ટિક કરવી જોઇએ.

કૃપા કરીને ટિક કરો. ☐ ના ☐ હા

## 5 તમારી જન્મની તારીખ (પૃષ્ઠ 4 પર વધ માહિતી)

વ વ વ વ   મ મ   દિ દિ

જો તમને તમારી જન્મતારીખ ખબર ન હોય તો કૃપા કરીને ટિક કરો જો તમે છો:

14-15 ☐   16-17 ☐   18-75 ☐   76 કે તેથી વધુ ઉંમરના ☐

(તમારી જન્મ તારીખ ખબર નથી? કૃપા કરીને વિભાગ 10 જુઓ).

## 6 તમારો રાષ્ટીય વીમા નબર (જો તમારી ઉમર 16 વષ ક તથી વધુ છ)

તમે આ તમારી પગારની સ્લિપ પર અથવા ટેક્સ, પેન્શન અથવા લાભો વિશેના સત્તાવાર પત્રો પર શોધી શકો છો.

☐ જો તમારી ઉંમર 16 વર્ષથી ઓછી હોય તો કૃપા કરીને ટિક કરો.

(તમારો રાષ્ટ્રીય વીમા નંબર જાણતા નથી? કૃપા કરીને વિભાગ 10 જુઓ).

## 7 તમારુ નામ બદલ્ય છ? (પૃષ્ઠ 4 પર વધ માહિતી)

કૃપા કરીને અમને તમારું સૌથી તાજેતરનું નામ આપો (વૈકલ્પિક).

કૃપા કરીને અમને એ તારીખ જણાવો જ્યારે તમે તમારું નામ બદલ્યું છે (વૈકલ્પિક).

વ વ વ વ   મ મ   દિ દિ

## 8 ઓપન રજિસ્ટર (પૃષ્ઠ 4 પર વધ માહિતી)

ઓપન રજિસ્ટર એ મતદાર નોંધણીનો સારાંશછે, પરંતુ તેનો ઉપયોગ ચૂંટણી માટે થતો નથી. તે કોઇપણ ખરીદી શકે છે અને ડાયરેક્ટ માર્કેટિંગ સહિત ઘણા હેતુઓ માટે તેનો ઉપયોગ કરી શકાય છે.

જો તમે ઓપન રજિસ્ટરમાં તમારું નામ અને સરનામું સામેલ કરવા માંગતા ન હો, તો કૃપા કરીને ટિક કરો. ☐

જો તમારી ઉંમર 16 વર્ષથી ઓછી છે તો તમારી વિગતો ઓપન રજિસ્ટરમાં સામેલ કરવામાં આવશે નહીં.

## 9 પોસ્ટ અથવા પ્રોક્સી દ્વારા મતદાન?

જો તમે મતદાન મથક પર રૂબરૂમાં મતદાન કરવાનો ઇરાદો રાખતા હો, તો તમારે આ વિભાગ ખાલી રાખવો જોઈએ.

પોસ્ટ અથવા પ્રોક્સી દ્વારા મત આપવા માટે, તમારે ગેરહાજર મતદાન માટે એક અલગ અરજી ભરવાની જરૂર પડશે. વધુ માહિતી **gov.uk/how-to-vote** પર મળી શકે છે અથવા તમે કેવી રીતે મત આપવા માંગો છો તે માટે નીચે ટિક કરો અને અમે તમને માહિતી મોકલીશું.

☐ પોસ્ટ દ્વારા   ☐ પ્રોક્સી દ્વારા (કોઈ અન્ય તમારા વતી મતદાન કરે છે)

## 10 તમારી રાષ્ટીયતા, જન્મ તારીખ અથવા રાષ્ટીય વીમા નબર જાણતા નથી? કપા કરીને અમન જણાવો શા માટ

જો તમે આ વિગતો આપી શકતા નથી, તો અમે તમારી અરજી પર પ્રક્રિયા કરતા પહેલા તમને અન્ય પુરાવાઓ માટે કહી શકીએ છીએ.

## 11 જાહરાત

હું હાલમાં આ સરનામે રહું છું. મારી શ્રેષ્ઠ જાણકારી મુજબ, આ ફોર્મમાં આપેલી માહિતી સાચી છે.

હું સમજું છું કે મેં આપેલી માહિતીનો ઉપયોગ મતદાર નોંધણી પર કરવામાં આવશે.

હું સમજું છું કે જો હું નોંધણી માટે અરજી ન કરું તો જ્યારે આમ કરવાની જરૂર હોય ત્યારે મને £80નો દંડ થઇ શકે છે. આ £80નો દંડ 14 કે 15 વર્ષના બાળકોને લાગુ પડતો નથી. હું સમજું છું કે આ ફોર્મમાં જાણી જોઈને ખોટી માહિતી આપવી એ ગુનો છે અને જો મને દોષિત ઠેરવવામાં આવે તો મને છ મહિના સુધીની જેલ થઇ શકે છે અને/અથવા અમર્યાદિત દંડનો સામનો કરવો પડી શકે છે.

**સહી**   **આજની તારીખ**

વ વ વ વ   મ મ   દિ દિ

### મતદાન મથક પર મતદાન

યુકે સંસદ અને પોલીસ અને ક્રાઇમ કમિશનરની ચૂંટણીઓમાં, તમારે મતદાન કરવા માટે તમારા મતદાન મથક પર ફોટો ID બતાવવાની જરૂર પડશે. જો તમારી પાસે સ્વીકૃત ફોટો ID નથી, તો તમે મફત મતદાર ID દસ્તાવેજ, મતદાર અધિકાર પ્રમાણપત્ર માટે અરજી કરી શકો છો. વધુ માહિતી માટે, **gov.uk/how-to-vote/photo-id-youll-need** પર જાઓ અથવા અમારો સંપર્ક કરો.

જો તમને આ ફોર્મને ભરવામાં મદદની જરૂર હોય, તો કૃપા કરીને પૃષ્ઠ 1 પરની વિગતોનો ઉપયોગ કરીને અમારો સંપર્ક કરો.

## તમારી રાષ્ટ્રીયતા અને ઇમિગ્રેશન સ્ટટસ

યુકે, ચેનલ આઇલેન્ડ્સ અથવા આઇલ ઓફ મેન (જેને લીવ ટુ એન્ટર અથવા રેમેઇન પણ કહેવામાં આવે છે) માં પ્રવેશવા અથવા રહેવાની પરવાનગી કાનૂની ઇમિગ્રેશન સ્ટેટ્સનો સંદર્ભ આપે છે.

અમને તમારી રાષ્ટ્રીયતા વિશે વધારાના પુરાવાની જરૂર પડી શકે છે અથવા અમે સરકારી રેકોર્ડ સામે તમારી રાષ્ટ્રીયતા અથવા ઇમિગ્રેશન સ્ટેટ્સને તપાસી શકીએ છીએ. વિભાગ 4 'તમારું ઇમિગ્રેશન સ્ટેટ્સ' માત્ર પોલીસ અને ક્રાઇમ કમિશનરની ચૂંટણીમાં મતદાન કરવાની તમારી યોગ્યતા નક્કી કરે છે. તે મત આપવા માટે નોંધણી કરવા, અથવા સેનેડ અથવા વેલ્સમાં સ્થાનિક કાઉન્સિલની ચૂંટણીઓમાં મતદાન કરવા માટે તમારી યોગ્યતા નક્કી કરતું નથી. જો આ વિભાગ તમને લાગુ પડે છે, તો અમે સરકારી રેકોર્ડ્સમાં તમારી ઐતિહાસિક રાષ્ટ્રીયતા અથવા ઐતિહાસિક ઇમિગ્રેશન સ્ટેટ્સ તપાસી શકીએ છીએ.

## તમારી જન્મ તારીખ

જો તમને તમારી જન્મતારીખ ખબર ન હોય તો કૃપા કરીને તમે સત્તાવાર દસ્તાવેજો (ઉદાહરણ તરીકે, તમારો પાસપોર્ટ અથવા ડ્રાઇવિંગ લાઇસન્સ) પર મૂકેલી તારીખ આપો અથવા બૉક્સમાંથી એક પર ટિક કરો. તમારી જન્મતારીખથી તમે ઓળખાવ છો, તે મત આપવાની તમારી પાત્રતાની પુષ્ટિ કરે છે અને તેનો ઉપયોગ તમને જ્યુરી સેવા માટે બોલાવવા માટે થઇ શકે છે.

## તમારુ નામ બદલ્ય છે?

ઉદાહરણ તરીકે, તમે લગ્ન કરી લીધા હશે અને તમારું નામ બદલ્યું હશે. તમારે અમને તમારા નામના ફેરફારની વિગતો આપવાની જરૂર નથી પરંતુ તે અમને તમને ઓળખવામાં મદદ કરશે. જો આ માહિતી આપવામાં આવી નથી, તો તમારે વધારાના દસ્તાવેજી પુરાવા પ્રદાન કરવાની જરૂર પડી શકે છે.

## ઓપન રજિસ્ટર

**બે રજિસ્ટર છે. શા માટે?** લોકો પાસેથી મળેલી માહિતીનો ઉપયોગ કરીને, નોંધણી અધિકારીઓ બે રજિસ્ટર રાખે છે - ચૂંટણી રજિસ્ટર અને ઓપન રજિસ્ટર (જેને એડિટેડ રજિસ્ટર તરીકે પણ ઓળખવામાં આવે છે).

**ચૂંટણી રજિસ્ટર** જાહેર ચૂંટણીઓમાં મત આપવા માટે નોંધાયેલ દરેક વ્યક્તિના નામ અને સરનામાની યાદી આપે છે. રજિસ્ટરનો ઉપયોગ ચૂંટણીલક્ષી હેતુઓ માટે થાય છે, જેમ કે ખાતરી કરવી કે માત્ર પાત્ર લોકો જ મત આપી શકે. તેનો ઉપયોગ કાયદામાં ઉલ્લેખિત અન્ય મર્યાદિત હેતુઓ માટે પણ થાય છે, જેમ કે:

- ગુનો શોધી કાઢવા (દા.ત. છેતરપિંડી)
- લોકોને જ્યુરી સેવા માટે બોલાવવા
- ક્રેડિટ અરજીઓની તપાસ કરવા.

**ઓપન રજિસ્ટર** એ મતદાર નોંધણીનો સારાંશ છે, પરંતુ ચૂંટણી માટે તેનો ઉપયોગ થતો નથી. તે કોઇપણ વ્યક્તિ, કંપની અથવા સંસ્થા દ્વારા ખરીદી શકાય છે. ઉદાહરણ તરીકે, તેનો ઉપયોગ નામ અને સરનામાની વિગતોની પુષ્ટિ કરવા માટે વ્યવસાયો અને સખાવતી સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. જો તમે 16 વર્ષ કે તેથી વધુ ઉંમરના છો તો જ્યાં સુધી તમે તમારું નામ અને સરનામું દૂર કરવા માટે ના કહો ત્યાં સુધી તેને ઓપન રજિસ્ટરમાં સામેલ કરવામાં આવશે. ઓપન રજિસ્ટરમાંથી તમારી વિગતો દૂર કરવાથી તમારા મત આપવાના અધિકારને અસર થતી નથી.

**જો તમે 14 કે 15 વર્ષના છો,** તો તમને ઓપન રજિસ્ટરમાં સામેલ કરવામાં આવશે નહીં.
તમને મતદાર નોંધણીમાં સામેલ કરવામાં આવશે, પરંતુ સામાન્ય રીતે તમે પ્રદાન કરો છો તે વિગતો ફક્ત ચૂંટણી નોંધણી અધિકારીઓ અને તેમના સ્ટાફ જ જોઇ શકે છે. તમારી વિગતો પ્રકાશિત થયેલ કોઇપણ રજિસ્ટરમાં શામેલ કરવામાં આવશે નહીં.
ચૂંટણીના લગભગ છ અઠવાડિયા પહેલા અમુક લોકોને તે ચૂંટણીમાં મતદાન કરી શકે તેવા દરેક વ્યક્તિની વિગતોની જરૂર હોય છે. જો તમે સેનેડ અથવા સ્થાનિક કાઉન્સિલની ચૂંટણીની તારીખે 16 વર્ષના થશો, તો તમારું નામ અને સરનામું ચૂંટણી લડનારા લોકોને અને મતદારોને માહિતી આપવા માંગતા ઉમેદવારોને આપવામાં આવશે.

જો તમે ચિંતિત હો કે રજિસ્ટરમાં તમારું નામ અથવા સરનામું હોવું તમારી સુરક્ષાને અસર કરી શકે છે, તો તમારા માટે અન્ય વિકલ્પો ઉપલબ્ધ હોઇ શકે છે. ચોક્કસ સંજોગોમાં, તમે રજિસ્ટર પર તમારું નામ અને સરનામું દર્શાવ્યા વિના નોંધણી કરાવી શકો છો. વધુ જાણવા માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો. તમે અમારું સરનામું પેજ 1 પર શોધી શકો છો.
તમે **gov.uk/register-to-vote** પર બંને રજિસ્ટર અને તેનો ઉપયોગ કેવી રીતે થઇ શકે તે વિશે વધુ માહિતી મેળવી શકો છો.

## ગોપનીયતા નિવદન

ચૂંટણી નોંધણી અધિકારી નિયંત્રક છે. આ અરજી ફોર્મમાં વ્યક્તિગત માહિતી એકત્રિત કરવા માટેનો તેમનો કાયદેસરનો આધાર એ છે કે લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમ 1983 અને સંબંધિત કાયદામાં નિર્ધારિત જાહેર હિતમાં કાર્ય કરવા માટે પ્રક્રિયા કરવી જરૂરી છે.

ચૂંટણી નોંધણી અધિકારી તમારી અંગત માહિતીને સુરક્ષિત રીતે પ્રક્રિયા કરવા અને ડેટા સુરક્ષા કાયદાનું પાલન કરવા માટે કાયદેસર રીતે જરૂરી છે.

જો તમે ઓપન રજિસ્ટરમાંથી નાપસંદ કરો છો, તો તમારું નામ અને સરનામું માત્ર ચૂંટણીલક્ષી હેતુઓ માટે જ વાપરી શકાય છે (જેમાં મતદાર નોંધણીને સમર્થન આપવા માટે અન્ય ડેટા સ્ત્રોતો સાથે મેચ કરવા સહિત) અને કાયદામાં ઉલ્લેખિત અન્ય મર્યાદિત હેતુઓ છે. કાયદો તમારી માહિતીનો ઉપયોગ લોકશાહી જોડાણ પ્રવૃત્તિઓ (રાજકીય પક્ષો, ઉમેદવારો અને એજન્ટો દ્વારા), ગુનાની તપાસ, જ્યુરી સમન્સ અને ક્રેડિટ એપ્લિકેશન ઓળખ તપાસ માટે કરવાની મંજૂરી આપે છે.

જો તમે ઓપન રજિસ્ટરમાંથી નાપસંદ ન કર્યું હોય તો તમારું નામ અને સરનામું કોઇપણ ખરીદી શકે છે અને ડાયરેક્ટ માર્કેટિંગ સહિતના ઘણા હેતુઓ માટે ઉપયોગમાં લઇ શકે છે.

કૃપા કરીનેgov.uk/register-to-vote પર ગોપનીયતા સૂચનાનો સંદર્ભ લો અથવા નકલની વિનંતી કરવા માટે ચૂંટણી નોંધણી અધિકારીનો સંપર્ક કરો.

electoralservices@cardiff.gov.uk 029 2087 2087

## ફોર્મ સાથ સમસ્યાઓ છ?

**જો તમને આ ફોર્મ સમજવામાં અથવા ભરવામાં મદદની જરૂર હોય - અથવા તેને મોટા અક્ષરોમાં અથવા અન્ય ફોર્મેટમાં વિનંતી કરવા માટે અમારો સંપર્ક કરો. અમારી સંપર્ક વિગતો પેજ 1 પર છે.**